SANSHODHAN DARPAN
PUBLISHED BY: FACULTY OF EDUCATION, KSV
ISSN – XXXX XXXX
Bi-Annual Online Journal

# રમત દ્વારા શિક્ષણનું મહત્વ અને પડકારો

**ડૉ. માર્ગી પંચોલી**
**આસી. પ્રોફેસર**
**એસ. એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**
**ગાંધીનગર**

## સારાંશ:

આધુનિક સમયમાં જયારે વર્ગખંડ અધ્યયન અધ્યાપન માટે વિવિધ સંશોધનો હાથ ધરાઇ રહ્યા છે ત્યારે આપણે વર્ગખડ અધ્યાપનમાં આ સંશોધનોનો સારાંશ અને તારણોને ઉપયોગમાં લેવા આવશ્યક બને છે. : શિક્ષણ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. કહેવાય છે કે બાળકના જન્મથી મૃત્યુ પર્યન્ત શીખવાની પ્રક્રિયા ચાલુજ રહેતી હોય છે. જો બાળકોને શિક્ષણમાં મજા પડે તો શિક્ષણ એક રમત બની જાય છે અને રમત રમવી કોને ગમે? વર્તમાન શિક્ષણને વધુ આનંદદાયી અને રસપ્રદ બનાવવા રમત દ્વારા શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ શિક્ષણ જગતમાં શરૂ થય છે. વર્ગખંડ શિક્ષણ સાથે સંકળાયેલા તમામ શિક્ષકોને બહોળો અનુભવ છે કે વર્ગખંડ અધ્યાપન શિક્ષકો માટે કેટલો વિશાળ પડકાર છે. સૌથી અગત્યનું પરીબળ કે જે વર્ગખંડ અધ્યાપનમાં અસર કરતું હોય તો તે છે વર્ગખંડ વિવિધતા. વર્ગખંડમાં પ્રવેશતા આપણને વિવિધ અનુભવો થતાં હોય છે જેમકે શિસ્ત, વિદ્યાર્થીનો બુદ્ધિઆંક, વાણી, વર્તન, વ્યાવહાર, વિચાર, આદર, લાગણી, વિષય પ્રત્યેનો ગામો અણગમો, પરીક્ષાની અને વર્ગખંડની ગંભીરતા, શિક્ષક વિદ્યાર્થીનો સંબંધ, વગેરે. માટે આવી વિવિધતા વાળી પરિસ્થિતીમાં શિક્ષકે વિવિધાતામાં એક્તા અને વિષય અને ભાષામાં પ્રભુત્વ પ્રાપ્ત કરાવવાના છે.

**ચાવીરૂપ શબ્દો:** રમત દ્વારા શિક્ષણ, મહત્વ અને પડકારો

જીન જેકીસ રૂસોનું એક ફ્રેંચ ફિલોસોફર હતા, જેવો પ્રકૃતિવાદી વિચારધારામાં માનતા હતા. તેઓ કહેતા કે વિદ્યાર્થીનું ભાવિ વર્ગખાંડની ચાર દિવાલોની બહાર ઘડાય છે. અને આપણે મોટા ભાગનું અગત્યનું શિક્ષણ વર્ગખંડમાં જ કરવીએ છીએ. આપણે વિદ્યાર્થીઓને માત્ર વર્ગખંડની ચાર દિવાલોમાં જ બેસાડી રાખીશું અને શિક્ષણ કાર્ય કરીશું તો કદાચ વિદ્યાર્થી જીવન કેવી રીતે જીવવું તે નહીં શીખી શકે. તેઓ વધુમાં કહેતા કે આપ મને ૫ વર્ષનું બાળક આપો અને ૧૦ વર્ષ પછી આપ

મારા બાળકને આપના બાળક સાથે સરખાવજો આપણે ખબર પડશે મારુ બાળક દિલથી જીવન અને કામ કરશે જ્યારે આપનું બાળક માત્ર ઘોખેલું અને માહિતીયુક્ત બનશે. જો બાળક આગમાં હાથ નાખે તો નાખવા ડો પરીણામથી શિખશે કે આપણે હાથ ન નાખવા જોઈએ. આવું ભયજનક ચિંતન તેઓ ધરાવતા હતા પણ સાચે જો વિચાર કરીએ તો આમાનું ઘણું બધુ આપણે શીખવાનું છે. આપણે બાળકને પાંગળો બનાવી દઈએ છીએ. બાળક વસ્તુ માંગે તો આપણે તરત જ આપી દઈએ છીએ એ બાળક જાતે પોતાનું કામ કરી શકે તેઓ પગભાર બનાવવાનો છે. વધુ પડતી કાળજી બાળકને પાંગળો અને પરાધીન બનાવે છે. માટે વર્ગખંડની આંદર જે વિષયો શીખવવામાં આવે છે તેમાં સૌથી વધુ રમત ને કે પ્રવૃતિમય શિક્ષણને પ્રાધાન્ય આપવું જોઈએ. આપણે વર્ગખડશિક્ષણ માટે વિષય પ્રમાણે કઈ કઈ પ્રવૃતિઑ અને રમતો કરાવી શકીએ તેનું આપણને વિશેષ જ્ઞાન છે જેથી આપણે પ્રસ્તુત લેખમાં આપણે જોઇશું પ્રવૃતિમય, રમત દ્વારા શિક્ષણના પડકારો કયા ક્યા છે અને તેના ફાયદા શું છે.

## રમત દ્વારા શિક્ષણના ફાયદા:

- વિષય, શિક્ષક અને ભણવામાં રસ જન્મે છે.
- બાળકો ઓપચારિક બાબતો અનૌઓચારિક પરિસ્થિતિમાં શીખે છે.
- સમય, શક્તિ અને માણવા સંશાધનોનો બચાવ કરી શકાય છે.
- સહકાર, સહિષ્ણુતા, સંપ અને નૈતિકતા જેવા મૂલ્યોની ખીલવાણી શક્ય બને છે.
- રમત દ્વારા શિક્ષણથી બાળકમાં વધુ જિજ્ઞાસા કેળવી શકાય છે.
- આંતરિક પ્રેરણા અને અનુકૂલન જેવા મનોવૈજ્ઞાનિક ગુણોનું સંવર્ધન થાય છે.
- રમત દ્વારા શિખેલું લાંબા સમય સુધી યાદ રહે છે જેથી ઉપચારાત્મક શિક્ષણ કે પુનરાવર્તનની જરૂર રહેતી નથી.
- વિદ્યાર્થીઓ **'Learning By Doing'** ખ્યાલ થી શીખે છે જેથી તેઓ જ્ઞાનાત્મકની સાથે ભાવાત્મક અને શારીરક વિકાસ પણ કરી શકે છે.
- વિદ્યાર્થી અને શિક્ષક સંબંધ વધુ મજબૂત અને ટકાઉ બને છે. શિક્ષકને શિસ્ત તથા તેને સંબંધિત અન્ય બાબતોનું ધ્યાન રાખવું પડતું નથી.
- કોઈ પણ જટિલ વિષય વસ્તુ ખુબજ સજ્જતાથી શિખવી શકે છે.
- વિદ્યાર્થીમાં સર્જનશીલતા, વિવેચકતા, તાર્કિકતા અને સાચા ખોટાનો ભેદ પરખ જેવા ઉચ્ચ

વિચારોનું સિંચન થાય છે.

- વિદ્યાર્થીઓમાં નેતૃત્વ શક્તિ, સહનશીલાતા, અનુકૂલન, ચોકસાઇ, ખંત અને ધૈર્યતા જેવા કૌશલ્યો અને ગુણો વિકસે છે.

આમ રમત દ્વારા શિક્ષણના ઉપર્યુક્ત ફાયદાઓ છે. પરંતુ જ્યારે શિક્ષક રમત દ્વારા શિક્ષણકાર્ય આરંભે છે ત્યારે અમુક પડકારોનો સામનો કરવો પડતો હોય છે. જેના ઉપર શિક્ષકે રમત દ્વારા શિક્ષણ કાર્ય કરાવતા પહેલા તેનું નિયંત્રણ કરવું આવશ્યક છે. મુખ્ય પડકારો નીચે મુજબ છે.

- દરેક વિષય વસ્તુની કક્ષા, સ્વરૂપ, કઠિનતામૂલ્ય અલગ અલગ હોવાથી તમામ વિષય વસ્તુનું રમત દ્વારા અધ્યાપન એક મોટો પડકાર છે.
- વિદ્યાર્થિઓ અઘરા વિષયને ગંભીરતાથી ન લે તેવું પણ બની શકે છે.
- વધુ પડતાં રમત દ્વારા શિક્ષણથી વિદ્યાર્થીઓની માનસિકતા રમતિયાળ થઈ શકે છે.
- વિદ્યાર્થીઓ કોઇ અમુક રમતોમાં જ ભાગ લેતા હોવાથી દરેક રમત વ્યક્તિગત રીતે રમાડવી અને ભણાવવું અઘરું બની જાય છે.

ઉપર દર્શાવેલ અમુક પડકારો જે અમુક તજજ્ઞો સાથે વાત કરીને નોંધમાં લીધેલ છે. આ વિષય ઉપર વધુ અભ્યાસ કરવામાં આવે તો હજી વધુ સારા તારણો અને પડકારો પણ જાની શકાય છે. સમગ્ર ચિંતનના અંતે એવું તારણ અવશ્ય કાઢી શકાય કે આપણે આપના વર્ગખંડ અધ્યયન અધ્યાપનમાં બને તેટલું વધુ રમત દ્વારા અધ્યાપન કારવીશું તો તેની મર્યાદા કરતાં ફાયદાઓ વધુ છે. માટે તમામ શિક્ષકે પોતાના વિષય શિક્ષણ માં વધુ સર્જનશીલતા, નાવીન્યતા, અને પ્રવૃતિમય શિક્ષણને પ્રાધાન્ય આપવું પડશે. મિત્રો કોઈપણ નવી પદ્ધતિ, વિચાર કે પરીવર્તન શરૂઆતમાં અઘરું અને પડકારજન્ય લાગે પરંતુ જો આપણે એનો વારંવાર મહાવરો કરતા રહીશું તો કદાચ આપણને વધુ સારું ગુણવતાયુક્ત પ્રદાન કરવામાં મદદરૂપ થાય. પ્રવૃતિમય શિક્ષણ અને તેની અસરકારકતા ઉપર ઘણા સંશોધનો હાથ ધારાયા છે અને તેના હકારાત્મક પરિણામો મળેલ છે. માટે શિક્ષકે તેનો ઉપયોગ કરવો જોઈએ અને જરૂર જણાય તો આપના બાળકો અને તે વિસ્તારના તજજ્ઞો પાસે આ વિષય ઉપર એક નાના પાયાનું સંશોધન હાથ ધરી શકાય. જો શિક્ષક પ્રવૃતિમય રહેશે તો વિદ્યાર્થીઓ આપોઆપ પ્રવૃતિમય અને ઉત્સાહી રહેશે. વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકને અનુસરે તે હેતુસર તમામ પ્રકારનું પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ. પ્રવૃતિમય શિક્ષણથી આપણે તન, મન અને વિચારોથી સ્વસ્થ બનીએ છીએ.

SANSHODHAN DARPAN
PUBLISHED BY: FACULTY OF EDUCATION, KSV
ISSN – XXXX XXXX
Bi-Annual Online Journal

## સંદર્ભ સૂચી:


- Siegel, D., Payne Bryson, T.(2012). The Whole-Brain Child: 12 Proven Strategies to Nurture Your Child's Developing Mind. United Kingdom: Little, Brown Book Group.
- ગુજરાત સરકાર(૨૦૦૯):"રાઈટ ટુ એજ્યુકેશન",સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર.
- Siegel, D.D.J., Bryson, T.P. (2018). The Yes Brain Child: Help Your Child be More Resilient, Independent and Creative. United Kingdom:Simon & Schuster UK.
- Dr. T.S. Joshi (2020, September 5), શિક્ષકપર્વ – 2020, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 સંદર્ભે સંગોષ્ઠી (VANDE GUJARAT-5, BISAG, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય)